**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૬ ડીગ્રી
લઘુતમ : ૨૬.૪ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૮૧ ટકા

# શહેરના બજારોમાં નાસપતિની ભરપૂર આવક

## વ્રત ઉપવાસના આ દિવસોમાં બજારોમાં ફળોનો લારીઓમાં ફળોના ઢગલે ઢગલા જોવા મળી રહ્યા છે

ચોમાસાની ઋતુમાં સ્વાસ્થ્ય સમસ્યાઓથી બચવા માટે મોસમી ફળોનું સેવન કરવાથી રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. આ ઋતુમાં ઘણા ચેપી રોગો, પાચનમાં તકલીફ, મચ્છરજન્ય રોગો, ત્વચા પર ફોલ્લીઓ, શરીરની એલર્જી તેમજ જઠરાંત્રિય વિકૃતિઓ જોવા મળે છે. ચોમાસાની ઋતુમાં ચોમાસા દરમિયાન થતી બીમારીનો નાશ કરતું ફળ નાસપતિને બબુપોચા નું બજારમાં આગમન થઈ ચુક્યું છે. વ્રત ઉપવાસમાં આ ફળ નો ઉપયોગ વધારે થાય છે. સફરજન પછી નાસપતિ ને બીજા નંબરનું સૌથી પૌષ્ટિક ફળ માનવામાં આવે છે.આમ તો તમામ ફળો સ્વાસ્થ્ય માટે ગુણકારી છે.

દરેક ફળના પોતપોતાના ગુણધર્મો હોય છે,આ ગુણધર્મો શરીરને અનેક પોષક તત્વો, પ્રોટિન, વિટામિન્સ, મિનરલ પુરા પાડે છે.



## નાસપતિ અને બબૂપોચા ખાવાના ફાયદાઓ

પહેલા તો એ જાણીએ નાસપતિ અને બૂપોચાનો તફાવત, નાસપતિ કઠણ હોય છે જ્યારે બબૂપોચા પોચા છે.બન્ને સ્વાદમાં સરખા હોય છે.નાસપતીનું સેવન કરવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે.આ સાથે જ વજન ઓછુ કરવામાં મદદગાર સાબિત થાય છે. આ ફળ ને પોતાની ડાયેટ માં સામેલ કરવાથી વજન ઉતારવા માંગતા લોકોને ફાયદો થાય છે. જો કે નાસપતિ અને બબૂપોચાના ગુણો સમાન હોય છે બન્ને સ્વાસ્થ્ય માટે ફાયદા કારક જ હોય છે નાસપતિમાં વિટામિન સી ભરપૂર પ્રમાણમાં જોવા મળે છે.વિટામિન સી ખાવાથી કોલેજનનું નિર્માણ થાય છે અને રક્ત વાહીકાઓને મજબૂત બનાવે છે વિટામિન સી યુક્ત આ ફળ ખાવથી ત્વચા પણ સારી રહે છે નાસપતિ ઝેરીલા પદાર્થ અને રસાયણોના સંપર્કમાં આવવાથી મોટા આંતરડાની કોશિકાઓની રક્ષા કરે છે.નાસપતિથી કફ તથા ગળાની ખરાશમાં પણ રાહત થાય છે મૌનસૂન સિઝનનું ફળ નાશપાતીના અદભૂત ફાયદા છે. તે વજન ઉતારવાની સાથે ડાયાબિટિસના દર્દી માટે પણ ઔષધ સમાન છે.

નાસપાતીમાં ખનીજ, પોટેશિયમ, વિટામિન સી, વિટામિન કે, ફાઈબર,બી કોમ્પલેક્સ ભરપૂર માત્રામાં હોય છે. જો કે કેટલાક લોકો તેની છાલ ઉતારીને ખાવું પસંદ કરે છે. છાલ ઉતારીને ખાવાથી તેના પોષકતત્વનો સંપૂર્ણ લાભ નથી મળતો કારણ કે છાલમાં પણ પોષકતત્વો હોય છે. હિમોગ્લોબીનની કમીમાં આ ફળ કારગર છે. નાશપાતીમાં આયરન ભરપૂર પ્રમાણમાં હોય છે. જેને એનીમિયા હોય તેને દરરોજ એક નાસપાતિ ખાવું જોઈએ. નાશપાતીમાં પૈક્ટિન નામનું તત્વ હોય છે જે કબજિયાતને દૂર કરે છે. ફાઈબર હોવાથી તે પાચનતંત્રને પણ સુધારે છે. ડાયાબિટીસમાં પણ નાશપાતી રામબાણ ઔષધ સમાન છે. લગભગ બધા જ ડોક્ટર્સ પણ નાશપાતી ખાવાની સલાહ આપે છે. નાશપાતિ પથરીના દર્દી માટે પણ રામબાણ ઈલાજ છે. નાસપાતીમાં મોજૂદ પૈક્ટિન પથરીને કુદરતી રીતે બહાર કાઢે છે.

સૌથી મહત્વની વાત એ છે કે, ડાયટ ફળ છે. તેનાથી બેડ કોલેસ્ટ્રોલ ઘટે છે, જેથી વજન ઉતારવામાં મદદરૂપ થાય છે.

# જીલ્લા ટેબલ ટેનીસ એસોસીએશન દ્વારા યોજાયેલ રેન્કીંગ ટુર્નામેન્ટ



ગાંધીનગર, તા.૨૫

રવિવાર તારીખ ૨૩ જુલાઈ, ૨૦૨૩ના રોજ ટેબલ ટેનીસ એસોસિએશન ઓફ ગાંધીનગર દ્વારા પ્રથમ ઓપન ગાંધીનગર જીલ્લા રેંકિંગ ટુર્નામેન્ટનું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું. સેક્રેટરીએટ જીમખાના, સેક્ટર–૨૧ના સૌજન્યથી આયોજિત આ ટુર્નામેન્ટમાં ભાઈઓ અને બહેનોની અન્ડર-૧૩, અન્ડર-૧૭ તેમજ ઓપન કેટેગરીની કુલ છ સ્પર્ધાઓમાં ૭૫થી પણ વધારે ખેલાડીઓએ અદ્ભુત રમતનું પ્રદર્શન કર્યું હતું. જેમાં અન્ડર-૧૩ ભાઈઓની સ્પર્ધામાં મૌલિક જયસ્વાલ વિજેતા તથા મેઘ જૈન ઉપવિજેતા બન્યા હતા. અન્ડર-૧૭ બહેનોની સ્પર્ધામાં અનુક્રમે સુચી પટેલ અને નિરુપમા ભડાલકર વિજેતા અને ઉપવિજેતા બન્યા હતા. અન્ડર-૧૭ ભાઈઓની સ્પર્ધામાં મૌલિક જયસ્વાલ અને માનુષ પટેલ પ્રથમ અને દ્વિતિય ક્રમે વિજેતા બન્યા હતા. બહેનોની સિંગલ્સની ઓપન કેટેગરીની સ્પર્ધામાં દિવ્યા પંડયા વિજેતા બન્યા જયારે અવિનાશ કૌર ઉપવિજેતા બન્યા હતા. જયારે મેન્સ સિંગલ્સની ઓપન કેટેગરીની રસાકસીભરી સ્પર્ધામાં જીગર સરવૈયા વિજેતા બન્યા જયારે અદ્વૈત ભટ્ટ રનર અપ બન્યા હતા. તમામ વિજેતાઓને રોકડ પુરસ્કાર, ટ્રોફી, સર્ટીફીકેટ તથા કસરત કરવાના બેલ્ટથી નવાજવામાં આવ્યા હતા. સ્પર્ધાને ખુલ્લી મુકતાં સેક્રેટરીએટ જીમખાનાના હિતેન્દ્ર સેલરે વધુને વધુ યુવાનો રમત તરફ વળે તેવી આશા વ્યક્ત કરી હતી. સ્પર્ધાના આયોજનમાં એસોસીએશનના ઉપપ્રમુખ હરેશ રાઠોડ, માનદ મંત્રી દિવ્યા પંડયા, કમલેશ શાહ, કમલેશ રાંદેરિયા, બીરેન સોન, રાજેશ ત્રિવેદી તથા ડૉ. પ્રણવ જોશીપુરાએ તમામ પ્રકારની વ્યવસ્થા તેમજ સંકલન કર્યું હતું.

# બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ માટે ટીસીએસ કંપની દ્વારા ૧૦૦ કલાકની તાલીમ પ્રોગ્રામની શરૂઆત

ગાંધીનગર, તા.૨૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગાંધીનગર સ્થિત કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન કોલેજ દ્વારા વિદ્યાર્થીઓના પ્લેસમેંટ અને ટ્રેનીંગ બાબતે અદ્ભુત કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં ૧૫૬ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.અભ્યાસની સાથેસાથે કોર્પોરેટ જગતમાં કારકિર્દીની ઉજ્વળ તકોનું નિર્માણ થાય અને તે માટે પ્રાયોગિક અનુભવ મળી રહે તેવા હેતુથી જોબ પ્લેસમેન્ટ જેવા કાર્યક્રમો પ્લેસમેંટ સેલ સતત કરતું રહે છે.કાર્યક્ર્મમાં બીબીએ કોલેજના પ્રિન્સીપાલ ડો.રમાકાંત પૃષ્ટિએ ઉપસ્થિત રહી મહેમાનોને આવકાર્યા હતા.અને વિદ્યાર્થીઓને ભારતમાં સાંપ્રત સમયે સરકારી-બિનસરકારી તેમજ પરોક્ષ રોજગાર સંદર્ભે માર્ગદર્શન આપ્યું હતું. મેનેજમેન્ટનાં વિદ્યાર્થીઓ કોર્પોરેટ જગત સાથે સતત તાદાત્મ્ય જાળવી રાખે તે માટે તેઓને યોગ્ય વતાવરણ પૂરું પાડવા બીબીએ કોલેજના પ્લેસમેંટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના સતત પ્રયત્નશીલ રહે છે. ટીસીએસ તરફથી ટ્રેનર રીના પટેલ મેડમ તેમજ શ્રુતિ મોલ મેડમ ઉપસ્થિત રહ્યા હતા.તેમજ તેઓ દ્વારા વિદ્યાર્થીઓ ને ટીસીએસની ૧૦૦ કલાકની ટ્રેનીંગ, પરીક્ષા,ઈન્ટરવ્યુ અને આગામી રિક્રૂટમેંટ તેમજ તેની પ્રોસેસ માટે તલસ્પર્શી માર્ગદર્શન આપ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે સમગ્ર ટ્રેનીંગ પ્રોગ્રામ વિદ્યાર્થીઓ માટે નિશુલ્ક છે.ઓન લાઈન પરીક્ષા તેના માટેની જરૂરી લાયકાત તેમજ અન્ય બાબતોની ઉપયોગી માહિતી વિદ્યાર્થીઓ સાથે ચર્ચી હતી.આમ સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓનાં વિકાસ માટેની તત્પરતા ઉડી ને આંખે વળગે છે. સ્નાતક કક્ષા એ પ્લેસમેંટ તેમજ ઈન્ટેન્શીપ કરાવતી ગુજરાતની પ્રતિષ્ઠિત સંસ્થા તરીકે બીબીએ કૉલેજ નું કાર્ય અદભૂત કહી શકાય.



વિદ્યાર્થીઓ અભ્યાસની સાથેસાથે પ્રેક્ટિકલ જ્ઞાન સાથે સ્ટાઈપેન્ડ મેળવે અને આ તાલીમ મેળવી મેનેજમેન્ટ અભ્યાસક્રમ સાથેસાથે પ્રેક્ટીકલ જ્ઞાન મેળવવાનાં અભિગમનો સદુપયોગ કરશે.દેશની નામાંકિત કંપનીઓ આપણી સંસ્થાના વિદ્યાર્થીઓને ઈન્ટેન્શીપ તેમજ પ્લેસમેંટ માટે અગ્રતાક્રમે પસંદગી આપે છે. ત્યારે કંપની વિદ્યાર્થીઓનું ઈટન્શીપ પ્લેસમેંટ માટે કૉલેજ કેંપસ ખાતે આવી તે કોલેજની વિદ્યાર્થીઓનાં સાર્વત્રિક વિકાસ બાબતે પ્રતિબદ્ધતા સુચવે છે. આમ આવી નામાંકિત તેમજ પ્રતિષ્ઠિત કંપનીમાં વિદ્યાર્થીઓ પ્રાયોગિક તાલીમ મેળવશે. બીબીએ કૉલેજ તરફથી ડૉ.જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને વિદ્યાર્થીઓને ઈંટરવ્યૂ માટે માર્ગદર્શન આપ્યું હતું.

# બાલસાહિત્યકાર કિર્તીદા બ્રહ્મભટ્ટના બાલ કાવ્ય સંગ્રહ મોજા દોડી દોડી આવેનું વિમોચન



ગાંધીનગર, તા.૨૫

ગુજરાત સરકારના નિવૃત્ત અધિક સચિવ અને બાલ સાહિત્યકાર શ્રીમતી કીર્તિદા બ્રહ્મભટ્ટના બાલ કાવ્યસંગ્રહ 'મોજાં દોડી દોડી આવે'નું વિમોચન તેઓના પૌત્ર આરોહ બ્રહ્મભટ્ટ અને ભૂલકાંઓ-મિસરી, ખિલતી, આંગી અને રૂહીના હસ્તે કરવામાં આવ્યું. આ તેઓનો નવમો બાલકાવ્યસંગ્રહ છે. તે ઉપરાંત તેઓએ એક કાવ્યસંગ્રહ અને એક બાલવાર્તાસંગ્રહ પણ આપ્યાં છે. 'મોજાં દોડી દોડી આવે'ને યશવન્ત મહેતા કીર્તિ અપાવે તેવો બાલગીત-સંગ્રહ તરીકે ઓળખાવે છે. તેઓ લખે છે કે ચીલાચાલુ વિષયને લગતાં ગીતો છતાં 'દરેક વિષે કશીક અવનવી અભિવ્યક્તિ છે, એમ અવનવીનતા આ બાલગીત-સંગ્રહને 'નવો' ઠરાવે છે. 'તેમના ગીતોમાં રહેલી 'નવીન અભિવ્યક્તિઓ ગીતોને આગવી ઓળખ અપાવે છે.' તો શ્રીમતી કીર્તિદા બ્રહ્મભટ્ટ કહે છે કે, 'મેં બાળકો સાથે વિતાવેલી ક્ષણો, તેમનાં સ્વપ્નાં, તર્ક, દલીલો, જિજ્ઞાસા, જીવનને ઓળખવાની તેમની રીત, તેમની રમતો, મીઠો કોલાહલ, પ્રકૃતિને પામવાના તેમના પ્રયાસો-બાલસહજ મથામણ એવું ઘણું બધું તેમના કાવ્યસંગ્રહમાં ઊતરી આવ્યું છે.



ભણવાની કોઈ ઉંમર હોતી નથી તે સાબીત કરી બતાવ્યું છે. ૭૦ વર્ષના જૈફ નિવૃત્ત ડી.એસ.પી. આર.બી. પટેલે તેઓએ ફસ્ટક્લાસમાં ડિપ્લોમાં ઈન જર્નાલીઝમ કરી સર્વ વિદ્યાલયમાં કર્યો હતો. તેના માનમાં તેમનો સન્માન સમારંભ નિવૃત ડીએસપી મંડળે કાનન પાર્ટી પ્લોટ ખાતે યોજ્યો તે પ્રસંગની તસ્વીરમાં લક્ષ્મણસિંહ સોલંકીના હસ્તે આર.બી. પટેલનું સન્માન કરાયુ તે પ્રસંગે વિનોદ રાઠોડ તેમજ મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા તે પ્રસંગની તસ્વીર.

# ગાંધીનગર એસીબી દ્વારા સેન્ટ ઝેવિયર્સ ખાતે જાગૃતિ કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૨૫

ભ્રષ્ટ્રાચાર નાબુદી અંગે જાગૃતિ લાવવા માટે ગાંધીનગર એ.સી.બી. પોલીસ સ્ટેશન દ્વારા સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, સેક્ટર-૮, ગાંધીનગર ખાતે અંગ્રેજી માધ્યમ તથા ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓને એસીબીની કામગીરીથી માહિતગાર કરેલ અને એ.સી.બી. ટોલ ફ્રી નંબર ૧૦૬૪ની પેમ્પલેટ દ્વારા બહોળી પ્રસિદ્ધ કરવામાં આવી તેમજ ભ્રષ્ટ્રાચાર નાબુદી માટે જાગૃતિ લાવવા જરૂરી માર્ગદર્શન આપી, ભ્રષ્ટ્રાચાર વિરૂદ્ધ અવાજ ઉઠાવી ફરિયાદ આપવા સમજ કરવામાં આવી અને સ્કૂલના વિદ્યાર્થીઓ/વિદ્યાથિનીઓ દ્વારા એ.સી.બી.ની બહોળી પ્રસિદ્ધિ સારૂ વકૃત્વ સ્પર્ધા રાખવામાં આવ્યુ હતુ. જેમાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓને એ.સી.બી.ના લોગોવાળી બેગ તથા વોટરબેગ, ઈનામ સ્વરૂપે આપીને પ્રોત્સાહિત કરવામાં આવેલ અને સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના પ્રિન્સિપાલ તથા સ્ટાફનો સાથ સહકાર મળ્યો હતો.

# સે-૨૪ પ્રાથમિક શાળા ખાતે નિઃશુલ્ક ટેકવોન્ડો સેલ્ફ ડિફેન્સ સેમિનાર યોજાયો



ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર ટેકવૉન્ડો એસોસિએશન દ્વારા સેક્ટર ૨૪ સરકારી પ્રાથમિક શાળા ખાતે વિદ્યાર્થી ભાઈઓ - બહેનો માટે નિઃશુલ્ક સેલ્ફ ડિફેન્સને લગતી વિવિધ ટેક્નિક, નડિયા બ્રેકીંગ તથા વિવિધ હથિયારની તાલીમને લઈને સેમિનારનું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું. શાળા ના આચાર્ય લીનાબેન પટેલ તથા સંસ્થાના ટેકનિકલ ડારેક્ટર જતીન દવે દ્વારા વિદ્યાર્થીઓને વિશિષ્ટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ગ્રાન્ડ માસ્ટર પ્રકાશ સંભવાની દ્વારા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવામાં આવી હતી.

## જન્મદિને વધામણી



જસ્મીન હર્ષદભાઈ જોષી
મો. ૯૮૨૫૩ ૨૨૯૦૨



પારુલબેન એન ત્રિવેદી
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ




અક્ષય વાસુદેવભાઈ પટેલ
મો. ૮૪૦૧૪ ૪૦૩૭૫



આર્યા નમન ભટ્ટ
મો. ૯૪૨૮૪ ૧૧૩૬૫



શુભમ એ દવે



દિવ્યાંગ ઓચ્છવલાલ શાહ



ધૈર્ય ભાવિક ગુરૂબક્ષાની



અદિતિ જયેશકુમાર શાહ

# કલા ઉત્સવમાં સમર્પણ પબ્લિક સ્કૂલના બાળકોનું ઉત્કૃષ્ટ પ્રદર્શન



ગાંધીનગર, તા.૨૫

સ્વામી યોગાનંદ હાઈસ્કૂલ' જીઈબીમાં 'કલા ઉત્સવ કાર્યક્રમમાં' ચિત્રકલા, બાલકવિ સંમેલન, સંગીત સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આપણી શાળા સમર્પણ પબ્લિક સ્કૂલના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓની યાદી માધ્યમિક વિભાગ ૧) સંગીત ગાયન સ્પર્ધા મકવાણા દેવરાજસિંહ (દ્વિતીય ) ઉચ્ચતર માધ્યમિક ૧) બાળકવિ સ્પર્ધાઃ ચાવડા યુવરાજસિંહ (દ્વિતીય) ૨) ચિત્ર સ્પર્ધાઃ પારેખ જીલ (તૃતીય)નો સમાવેશ થાય છે.

# કલરવ ગુજરાતી સાહિત્ય ગ્રુપના ઉપક્રમે ગીત ગઝલ સ્પર્ધાના વિજેતાઓને સન્માનિત કરાયા

ગાંધીનગર, તા.૨૫

નવોદિત કવિઓ અને લેખકોને મંચ પૂરું પાડી તેમના લેખન કૌશલ્યને ખિલવવાની ઉમદા પ્રવૃત્તિ કલરવ ગુજરાતી સાહિત્ય ગ્રુપ દ્વારા કરવામાં આવી રહી છે. શબ્દના સહારે સાહિત્યકારોને બિરદાવવાની સ્પર્ધા કલરવ ગુજરાતી સાહિત્ય ગ્રુપ દ્વારા યોજવામાં આવી હતી. જેમાં ગુજરાત ભરમાંથી અનેક કવિઓએ પોતાની કૃતિઓ મોકલી હતી. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રી કિશોર જીકાદરા અને શ્રી બાબુભાઈ નાયક એ પ્રશંસનીય સેવાઓ આપી હતી. ગઝલ વિભાગના વિજેતા કવિઓમાં શ્રી કમલેશ જેઠવા (અમર), શ્રી દિલીપ ધોળકિયા (શ્યામ), દક્ષા દવે (રંજન) એમ ત્રણ ગઝલકારો વિજેતા નીવડ્યા હતા. જ્યારે ગીત વિભાગમાં શ્રી પ્રતીક્ષાબેન પંડ્યા, ડૉ. વિરેન્દ્ર ડોલાસિયા અને શ્રી પ્રેમજીભાઈ જામલીયા વિજેતા નીવડીયા હતા.

ગાંધીનગરના જાણીતા ઉદ્યોગપતિ શ્રી અંબુસિંહજી ગોલ આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને હતા. જ્યારે જીટીપીએલના પ્રોગ્રામ ડાયરેક્ટર શ્રી શૈલેષ પંડ્યા ભીનાસ ગઝલકાર શ્રી કિશોર જીકાદરા ગીતકાર શ્રી બાબુભાઈ નાયક અને કવિ શ્રી જે એન પટેલ તેમજ ભાવક શ્રી ભાનુભાઈ દવે ઉપસ્થિત રહ્યા હતા. વિજેતા કવિઓને મંચસ્થ મહાનુભાવો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના પ્રારંભમાં શ્રી નિરંજન શાહ (નીર)એ આવકાર પ્રવચન કરતા કહ્યું કે કલરવ ગુજરાતી સાહિત્ય ગ્રુપએ વિજેતાઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે ઉપસ્થિત મહાનુભાવો કવિઓએ પણ કાવ્ય પઠન કરીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

આ પ્રસંગે શીલાબેન પટેલ, કુસુમબેન પટેલ,નિતેશ પ્રજાપતિ, ઝંખના શાહ, કૌશલ્યાબા મહિડા, પ્રણવ ઝાંખર "કિસના", પ્રેમ જામલીયા અને જીગ્નેશ ક્રીસ્તીએ કાવ્યનું પઠન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનો સફળ બનાવવામાં શ્રી પ્રણવ ઝાખર શીલાબેન પટેલ પાયલ શાહ નોર્થ ન્યુઝના તંત્રીશ્રી અશોક રાવલ અને ભાવક શ્રી ભાનુભાઈ દવેએ સહયોગ આપ્યો હતો. શ્રી અંબુસિંહ ગોલે માં મોગલ માં ની સ્તુતિ પ્રસ્તુત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડાૅ.સ્નેહલબેન નિમાવતે કર્યુ હતુ.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.ચૌહાણ જશુબેન ગણપતસિંહ** ઉ.વ.૯૨, ભોયણ રાઠોડ
- **સ્વ.ઠાકોર રમેશજી બેચરજી** ઉ.વ.૪૪, દેલવાડ, માણસા
- **સ્વ.આપટે દિલીપ નાગેશ** ઉ.વ.૭૧, કુડાસણ
- **સ્વ.વ્યાસ ભુપેન્દ્રભાઈ રતિલાલ** ઉ.વ.૭૩, ગાંધીનગર
- **સ્વ.શાહ કૈલાશ ભાગચંદ** ઉ.વ.૭૮, અડાલજ